આંક–૦૬

**મહે. લેબર કોર્ટ અમદાવાદના જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**ન્યાયાધીશ (જે.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૧૦૬૯/૨૦૨૧**

**ફરિયાદી :– ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપીઓ :– ૧) શ્રી મિરાજ સતીષચંદ્ર દેસાઈ**
૩/બી,ઉર્મિકુંજ સોસાયટી,સેંટ ઝેવિયર્સ કોલેજની સામે,
નવરંગપુરા,અમદાવાદ.

**૨) સુપન ડેવલપર્સ,**
શોપ નં.૩૪, વ્રજ વિહાર–૩,પ્રેરણાતીર્થ દેરાસરની સામે,
સેટેલાઈટ,અમદાવાદ.

**ગુન્હો:–ધી બી.ઓ.સી.ડબલ્યુ એકટ અન્વયેના નિયમ ૫૫(૧) હેઠળના ભંગ બદલ કલમ ૪૮ મુજબ.**

**–: ચૂ કા દો :–**

**(૧)** ફરિયાદ અત્રેની કોર્ટ સમક્ષ રજુ થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧ )(એ) મુજબ ફરિયાદીએ રજૂ કરેલ હોઈ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, ફરિયાદી બી.ઓ.સી.ડબલ્યુ એકટની કલમ ૪૨ અન્વયે નિરીક્ષક છે અને તેઓએ આરોપીની બાંધકામની સાઈટની મુલાકાત લીધેલી ત્યારે સંસ્થાની બાંધકામ પ્રવૃતિ ચાલું હતી અને આશરે ૧૦ થી વધારે કામદારો કામ કરતા હતાં. આરોપીઓએ બાંધકામ પ્રવૃતિ કરવાની જાણ નમુના–૪ માં બાંધકામનો આરંભ પહેલા ઓછામાં ઓછા ૩૦ દિવસ પહેલા ફરીયાદીની કચેરીએ કરવાની હોય છે, પરંતુ ફરીયાદીએ મુલાકાત લીધી ત્યાં સુધી તેવી જાણ કરેલ ન હતી અને તેમ કરીને સદરહુ કાયદા અન્વયેના નિયમો હેઠળના **નિયમ ૫૫(૧)** નો ભંગ કરીને સદરહુ કાયદાની **કલમ ૪૮** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની ફરીયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ સદરહુ કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતાં આરોપીઓને સમન્સ ઈસ્યુ કરતા તેઓ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી આરોપીઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપીએ પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપી પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી

મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોઈમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વિસ) રૂલ્સ–૨૦૦૩ ના નિયમ ૫૫(૧)** નો ભંગ કરીને તે કાયદાની **કલમ ૪૮** મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. આમ, હાલના કેસમાં આરોપીઓએ સ્વેચ્છાએ કબૂલ કરતા હોઈ, તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીઓએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ *નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯* ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

(૧) આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૫૨ મુજબ **ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોઈમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વિસ)રૂલ્સ–૨૦૦૩**ના **નિયમ ૫૫(૧)** ભંગ બદલ તે કાયદાની **કલમ ૪૮** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને પ્રત્યેક આરોપીઓને પ્રત્યેક ભંગ બદલ **રૂા.૫૦૦**/–(**અંકે રૂપિયા પાંચસો પુરા**) તેમ કુલ મળીને **રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ દંડની રકમ ભરવામાં કસૂર કરે તો શ્રી અભિષેકસિંહ રાજપૂતને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૨/૦૩/૨૦૨૨ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૨/૦૩/૨૦૨૨
સ્થળ : અમદાવાદ.

**(હિતેન્દ્ર કરશભાઈ મેરીયા )**
**જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (જુનીયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**
**CODE : GJ01279**

P V CHUDASAMA,P.A